**ઓનલાઇન પત્રવ્યવહાર બાબત**

વંચાણમાં  ૧  અત્રેની કચેરીના તા. ૨૬.૪.૨૦૧૨ના પરિપત્રક્રમાંક નકૃયુ/રજી./એડીએમ૧.૧/૬૯૨૫–૭૪/૨૦૧૨

૨.  અત્રેની કચેરીના તા. ૨૦.૯.૨૦૧૩ના પરિપત્રક્રમાંક નકૃયુ/રજી./એડીએમ૧.૧/૧૧૯૨–૨૪૧/૨૦૧૩

# પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબયુનિટ,તથા કોલેજના ડીનશ્રીઓ/અધિકારીશ્રીઓને જણાવવાનું કે વંચાણમાં લીધેલ ક્રમ –૧ના પરિપત્રથી *Green Initiative in University Governance* હેઠળ યુનિવર્સિટીના તમામ પત્રવ્યવહાર ઓન લાઇન *(On line)* માધ્યમ ધ્વારા નકકી કરવામાં આવ્યુ છે. જેથી પર્યાવરણના રક્ષણની સાથેસાથ વહીવટી કામગીરી ઝડપી બને અને પેપર તથા ટપાલ ખર્ચમાં નોધપાત્ર ઘટાડો થાય. ઉકત બાબતના અમલીકરણ માટે યુનિવર્સિટી ધ્વારા તા. ૧૯.૪.૨૦૧૨ના રોજ નવી વેબસાઇટ ચાલુ કરવામાં આવેલ છે અને ઓન લાઇન પત્રવ્યવહાર કઇ રીતે કરવો તે અંગેની આઇ.ટી.વિભાગ ધ્વારા જે તે કચેરીના કર્મચારીઓને તાલીમ પણ આપવામાં આવેલ છે. ઉપરોકત વંચાણમાં લીધેલ ક્રમ–૨ના પરિપત્રથી પણ આ બાબતે ઓનલાઈન પત્રવ્યવહાર બાબતે સૂચનાઓ આપવામાં આવેલ છે. પરંતુ યુનિવર્સિટીની કેટલીક કચેરીઓમાં ઉપરોકત પરિપત્રનો અમલ કરવામાં આવતો નથી તેવુ નીચે સહી કરનારના ધ્યાન ઉપર આવેલ છે. અત્રેની કચેરીએથી કેટલીક વાર ઓન લાઇન પરિપત્રો,ઠરાવો,સૂચનાઓ તથા જેતે કચેરીના ઇમેઇલ એડ્રેસ ઉપર પત્રો મોકલવામાં આવે છે. છતાં પણ કચેરીઓ ધ્વારા ઇમેલની તેમજ યુનિવર્સિટી વેબસાઇટની ચકાસણી કર્યા વગર સીધાજ અત્રેની કચેરીની શાખાઓમાં તે પત્રોની નકલ મળી નથી તેવા બહાના હેઠળ નકલોની માંગણી કરેલ છે અને અત્રેથી માંગેલ માહીતીઓ મોકલવામાં ઉદાસીનતા દાખવે છે. જેના કારણે અત્રેથી ઘણી અગત્યની માહીતીઓ નામ.સરકારશ્રીમાં મોકલવામાં વિલંબ થાય છે.

આથી તમામ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છેકે નીચે જણાવ્યા મુજબની આપની કચેરીની માહીતી તાત્કાલિક મોકલી આપવા આથી આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે તેમજ યુનિવર્સિટીના પત્રવ્યવહાર તથા પરિપત્રો ઓન લાઇન માધ્યમ ધ્વારા થાય તે મુજબના અમલીકરણ માટે આપશ્રીની કચેરીના એક જવાબદાર કર્મચારીની નિયુકિત કરી ઓન લાઇનની કામગીરી સારી રીતે થાય તે જોવા વિનંતી.

| અ.નં. | કચેરીનું નામ | અધિકારીનું નામ અને હોદ્દો તથા અધિકારીશ્રીનું ઇમેઇલ એડ્રેસ તથા મોબાઇલ નંબર | કચેરીના નામનો ઇમેલ એડ્રેસ | કચેરીમાં ઇમેલ ઓપરેટ કરતા જવાબદાર કર્મચારીનું નામ અને હોદ્દો | કચેરીનો ફોન નંબર (લેન્ડ લાઇન/ફેકસ નંબર | અન્ય નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

**કુલસચિવ**

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૧.૧/૮૮૬૧–૮૯૧૦/૨૦૧૪
નવસારી તા. ૨૩/૭/૨૦૧૪

**નકલ સવિનય રવાના જાંણ તથા ઘટતુ થવા સારુ.**

૧. અત્રેની યુનિવર્સિટીના તમામ કોલેજના ડીન/આચાર્યશ્રીઓ..

૨. અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ

**નકલ રવાનાઃ**

અત્રેની કચેરીની તમામ શાખાઓ તરફ



D:BGOHIL711.LETTER.2014